ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ- 09 તા. ૧૮/૦૨/૨૦૨૧

ભાજપાના કાર્યકર્તાના હાથમાં પેજ સમિતિનું અભેદ અને અચૂક શસ્ત્ર છે. - શ્રી સી. આર. પાટીલ

---------

વિરોધપક્ષના કોંગ્રેસના નેતા પણ સ્વિકારી રહ્યાં છે કે,
ભાજપાનું પેજ સમિતિનું શસ્ત્ર એ કોંગ્રેસ માટે અણુબોંબ સમાન છે. - શ્રી સી. આર. પાટીલ

----------

ભાજપા પાસે બે - બે બ્રહ્માસ્ત્ર છે.
પ્રથમ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને બીજું પેજ સમિતિ. - શ્રી સી. આર. પાટીલ

--------

આ વખતે ભાજપાના વિજયના બુલડોઝરમાં કોંગ્રેસ સપાટ થઇ જવાની છે. - શ્રી સી. આર. પાટીલ

------

યોજનાઓના લાભો જનજન સુધી પહોંચાડીને માનવસેવા કરીને
આપણે સૌએ જનતા જનાર્દનના આશિર્વાદ મેળવવા જોઇએ. - શ્રી સી. આર. પાટીલ

--------

ભાજપાનો દરેક કાર્યકર મર્યાદા પુરષોત્તમ શ્રીરામ મંદીર નિર્માણ થવાની
ચોક્કસ તારીખ બતાવવાની ક્ષમતા રાખે છે. - શ્રી સી. આર. પાટીલ

----------

કેન્દ્રની બધી જ યોજનાઓના લાભો કાશ્મીરવાસીઓને મળી રહ્યાં છે અને
વિકાસની વણઝાર કાશ્મીરમાં શરૂ થઇ ગઇ છે. - શ્રી સી. આર. પાટીલ

---------

કોંગ્રેસના નેતાઓ હંમેશા કાશ્મીરના નાગરિકોને ભડકાવતાં હતા અને
દેશ વિરોધી પ્રવૃત્તિઓ માટે ઉશ્કેરતાં હતાં. - શ્રી સી. આર. પાટીલ

---------

ભાજપાની સરકાર અને સંગઠન મક્કમતાથી
ગુજરાતના વિકાસ માટે અડીખમ રીતે કાર્યરત છે. - શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાં

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલે અમદાવાદ જિલ્લાના ધોળકા ખાતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સંદર્ભે જાહેર સભાને સંબોધતા જણાવ્યું હતું કે, ભાજપાના કાર્યકર્તાના હાથમાં પેજ સમિતિનું અભેદ અને અચૂક શસ્ત્ર છે. વિરોધપક્ષના કોંગ્રેસના નેતા પણ સ્વિકારી રહ્યાં છે કે, ભાજપાનું પેજ સમિતિનું શસ્ત્ર એ કોંગ્રેસ માટે અણુબોંબ સમાન છે. કોંગ્રેસને જડમૂળમાંથી ઉખેડીને ફેંકી દેશે. શ્રી પાટીલે બ્રહ્માસ્ત્રનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, ભાજપા પાસે બે બે બ્રહ્માસ્ત્ર છે. પ્રથમ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને બીજું પેજ સમિતિ. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના પેજ સમિતિ માટેના લખાયેલ સંદેશનો ઉલ્લેખ કરતાં શ્રી પાટીલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જે રીતે પેજ સમિતિના વખાણ કર્યા છે, ગુજરાત ભાજપાના દરેક કાર્યકર્તા માટે એ ખૂબ જ ગર્વની બાબત છે. આપણી સૌની છાતી ગજ ગજ ફુલાય જાય તેવા વખાણ વડાપ્રધાનશ્રીએ કર્યા છે.

શ્રી પાટીલે જણાવ્યું હતું કે, ગુજરાતની સમજુ પ્રજાએ છેલ્લા ૨૫ વર્ષથી ભાજપાને સેવા કરવાનો જે મોકો આપ્યો છે તે બદલ ગુજરાતની જનતાને વિકાસની અણધારી ઉંચાઇએ લઇ જવા ભાજપા તરફથી હું પ્રતિબધ્ધતા આપું છું. આ વખતે ભાજપાના વિજયના બુલડોઝરમાં કોંગ્રેસ સપાટ થઇ જવાની છે. શ્રી પાટીલે કેન્દ્ર સરકારની તમામ વર્ગો માટેની ૩૭૫ જેટલી યોજનાઓ વિષે માહિતી આપતાં જણાવ્યું હતું કે, એપ પર એક ક્લિકમાં બધી જ યોજનાઓ બાબતે વિસ્તૃત માહિતી મળી જાય છે અને તે યોજનાઓના લાભો જનજન સુધી પહોંચાડીને માનવસેવા કરીને આપણે સૌએ જનતા જનાર્દનના આશિર્વાદ મેળવવા જોઇએ. શ્રી પાટીલે સુકન્યા યોજના, આયુષ્યમાન ભારત યોજના, પ્રધાનમંત્રી પાક વિમા યોજના, કિસાન સન્માનનિધી યોજના જેવી અનેક કલ્યાણકારી યોજનાઓ વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

શ્રી પાટીલે કોંગ્રેસ પર ધારદાર પ્રહાર કરતાં કહ્યું કે, રામ મંદીર નિર્માણ એ દેશના સો કરોડ હિન્દુઓનો આસ્થાનો સંકલ્પ હતો તેને કોંગ્રેસે તૃષ્ટીકરણની રાજનીતી ખાતર અટકાવી રાખ્યો હતો અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારના સકારાત્મક નિર્ણયો થકી તેનો સુખદ ઉકેલ લાવી શક્યા છીએ. ભાજપાનો દરેક કાર્યકર મર્યાદા પુરૂષોત્તમ શ્રીરામ મંદીર નિર્માણ થવાની ચોક્કસ તારીખ બતાવવાની ક્ષમતા રાખે છે. દેશના સંવેદનશીલ મુદાઓ પર કોંગ્રેસ હરહંમેશ દેશમાં ભયનો માહોલ ઉભો કરી દેતી હતી. કલમ ૩૭૦ અને ૩૫/એની નાબુદી માટે કોંગ્રેસ એવું કહેતી હતી કે, આને નાબુદ કરીશું તો જમ્મુ કાશ્મીરમાં ખૂનની નદીઓ વહેશે પરંતુ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગૃહ મંત્રીશ્રી અમિતભાઇ શાહની દ્રઢ રાજકીય ઇચ્છાશક્તિના કારણે લોહીનું એકપણ ટીપુ રેડાયા વગર કે એક પણ ગોળી ચાલ્યા વગર કલમની નાબુદી થઇ અને હવે કેન્દ્રની બધી જ યોજનાઓના લાભો કાશ્મીરવાસીઓને મળી રહ્યાં છે અને વિકાસની વણઝાર કાશ્મીરમાં શરૂ થઇ ગઇ છે. કોંગ્રેસના નેતાઓ હંમેશા કાશ્મીરના નાગરિકોને ભડકાવતાં હતા અને દેશ વિરોધી પ્રવૃત્તિઓ માટે ઉશ્કેરતાં હતાં. જે સ્ટેચ્યુ બનાવવા માટે દેશભરના ખેડૂતોએ પોતાના લોખંડના ઓઝારોનો સહયોગ આપ્યો તે સરદાર સાહેબના સ્ટેચ્યુને કોંગ્રેસે લોખંડના ભંગાર સાથે સરખાવીને ખેડૂતોનું ઘોર અપમાન કરવાનું પાપ કર્યું છે. પહેલાં તાજમહેલને નિહાળવા પર્યટકો જતાં હતાં અને હવે સ્ટેચ્યુ ઓફ યુનીટી સમગ્ર વિશ્વમાં સૌથી વધુ પર્યટકો સાથે ઇતિહાસ રચી રહ્યો છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

કોંગ્રેસના સમયમાં ગુજરાતના વિવિધ શહેરો અસામાજીક તત્વો-ગુંડા તત્વોના નામથી ઓળખાતા હતાં અને હવે ગુજરાત એ દેશના નેતૃત્વ એવા ગાંધી બાપુ, સરદાર પટેલ, નરેન્દ્ર મોદી, અમિત શાહ, વિક્રમ સારાભાઇના ગુજરાતના નામે ઓળખાય છે. આમ, વૈશ્વિક સન્માન ગુજરાતને મળી રહ્યું છે.

શ્રી પાટિલે સૌ આગેવાનો, કાર્યકર્તાઓ પર અસીમ વિશ્વાસ વ્યક્ત કરતાં જણાવ્યું કે, આપના જનસંપર્કને વધુમાં વધુ મતોમાં રૂપાંતર કરીને જંગી બહુમતીથી ભાજપાની સરકાર બનશે તે સ્પષ્ટ દેખાઇ રહ્યું છે. કોંગ્રેસને જડમૂળમાંથી સાફ કરવી એ જ ભાજપાના કાર્યકર્તાનું મૂળ લક્ષ્ય છે. તારીખ ૨જી માર્ચના રોજ પરિણામ પછી વિજય સરઘસ માટે આપ સૌને આજે આમંત્રણ પાઠવું છું, અને ૨૮મી ફેબ્રુઆરીના રોજ વધુમાં વધુ મતદાન કરી અને કરાવીને ભાજપાની ભવ્ય જીતનો પાયો નાંખવાની હાકલ સૌને કરી હતી.

સ્વાગત પ્રવચન કરતાં રાજ્યના શિક્ષણમંત્રી અને ધોળકા વિધાનસભાના ધારાસભ્યશ્રી અને ભાજપાના વરિષ્ઠ આગેવાન શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આજના આ પ્રસંગે ઉપસ્થિત સૌ કાર્યકર અને પ્રજાજનોને આવકાર્યા હતાં. શ્રી ચુડાસમાંએ કોંગ્રેસ પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના આંતરીક વિખવાદના કારણે તેમના ઘણાબધા ફોર્મ રદ થયાં છે અને પાર્ટીને વફાદાર એવા જુના કાર્યકર્તાઓ પક્ષને રામરામ કહીને તેમની સાથે છેડો ફાડી નાંખ્યો છે જ્યારે ભાજપાના ઉમેદવારો ચૂંટણી પહેલાંજ બિનહરીફ થયાં છે તે ભાજપાની સંગઠનશક્તિનો પરિચય આપે છે. કોંગ્રેસે મતદારો માટે ક્યારેય વિચાર્યું નથી. ગુજરાતના સમજુ મતદારોએ છેલ્લા ૨૫ વર્ષથી ભાજપાને રાજ્યમાં સત્તા સોંપી છે અને પ્રજાજનોએ વિવિધ એકમો જેવા કે, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકામાં પણ અવિરત વિકાસ થાય તે માટે ભાજપા પર પોતાની પસંદગીનો કળશ ઢોળ્યો છે અને ભાજપાની સરકાર અને સંગઠન મક્કમતાથી ગુજરાતના વિકાસ માટે અડીખમ રીતે કાર્યરત છે.

શ્રી ચુડાસમાંએ વધુમાં જણાવ્યું હતું કે, આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રાજ્યની જનતા જનાર્દન ભાજપા તરફી જંગી મતદાન કરશે જ અને છેવાડાના ગામના વિકાસ માટે વિજયશ્રીના આશિષ આપશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

**ડૉ.યજ્ઞેશ દવે**
**પ્રદેશ મીડિયા કન્વીનર,**